Chapter-5



# પ્રકરણ - ૫

# વાદ્યોની ઉત્પત્તિની સાથે સાથે વાદ્ય વર્ગીકરણ

ભારતીય સમાજ અને સંસ્કૃતિ ધર્મપ્રધાન છે. આપણે ભારતીય સંસ્કૃતિના કોઈપણ પક્ષનું અધ્યયન કરીએ તો તેને ધર્મ સાથે જોઈશું. સંગીત પણ ભારતીય વિચારધારાની આ વિશેષતાથી પ્રભાવિત થયા વિના રહયું નથી. તે જ કારણે ભારતીય સંગીતના પ્રાચીન વિદ્વાનો અને શાસ્ત્રીયકારોએ તેને નાદ દેવની સંજ્ઞા આપીને તેની ઉત્પતિ સૃષ્ટિ કર્તા બ્રહ્મા દ્વારા બતાવી છે. આ વિદ્યા બ્રહ્માથી ક્રમશઃ શિવ,સરસ્વતીમાઁ,નારદમુનિ સુધી આવી તેઓએ તેની શિક્ષા યક્ષ, ગાંધર્વો, કિન્નર, અપ્સરાઓ વગેરેને આપી ત્યારપછી ભરત,હનુમાનજી વગેરે ઋષિઓએ આ વિદ્યાને શિખીને પૃથ્વી સુધી પહોંચાડી.

ગાયન,વાદન,નૃત્ય આ ત્રણે કલાનું સામુહિક રૂપ એટલે સંગીત. આ ત્રણે કલાના અધ્યયનથી માલુમ થાય છે કે આ ત્રણે કલાનો આધાર સ્તંભ સ્વર તથા લય છે. જે નાદ અને ગતિનું પરિસ્કૃત રૂપ છે. નાદ અને ગતિ સુક્ષ્મરૂપ હોવા છતાં પણ અનાદિકાળથી તેમનું ચક્ર ગતિમાન છે. આ સમસ્ત સૃષ્ટિનો વ્યવહાર આ બંને તત્ત્વોથી ચાલે છે. આ બંને તત્ત્વોનો સંગીત સાથે ઘનિષ્ઠ સંબંધ હોવાથી તેને કલાનું રૂપ ધારણ કર્યુ ત્યારે સમસ્ત વિશ્વ; બ્રહ્માંડને મોહી લીધુ. ચર, અચર, પશુ, પક્ષી, બાલ,યુવા,નર-નારી કોઈપણ આના મોહથી બચી ન શક્યા. સંગીતની આ મોહિનીશક્તિ નાદ અને ગતિ વિશ્વનું બીજ રૂપ છે. સ્વર તથા લયના સ્વરૂપમાં પોતાને આત્મસાત્ કરીને માનવ પરમ તૃપ્તિનો અનુભવ કરે છે. આ બંને તત્ત્વો સંગીતની ત્રણે કલાઓનું મૂળ છે. પરંતુ આ સંગીતના ત્રણે સ્તંભોનો પ્રયોગ જ્યારે સ્વતંત્ર રૂપમાં કરવામાં આવે છે. ત્યારે આ ત્રણે પોતાનું અલગ તથા આગવું અસ્તિત્ત્વ ધરાવે છે.

જેમકે શબ્દવ્યુત્પતિથી સ્પષ્ટ થાય છે કે સંગીતનો મુખ્ય આધાર ગીત છે. શાસ્ત્રોમાં ગીતનો વ્યવહાર બે બાબતોના આધાર પરથી બને છે. ૧.ગાત્ર અને ૨.યંત્ર. ગાત્ર અર્થાત્ માનવકંઠ દ્વારા અભિવ્યક્ત કરવામાં આવે છે. પરંતુ માનવકંઠ દ્વારા વ્યવહારમાં લેવાતુ ગીત સહજ અને સ્વાભાવિક છે. તેથી તે પ્રમુખ સ્થાન ધરાવે છે. તથા મનુષ્યના કંઠ દ્વારા નિર્મિત કોઈ ઉપકરણ

દ્વારા નાદની અભિવ્યક્તિ થાય તે સંગીતને 'યંત્ર' કહેવામાં આવ્યુ છે. તથા સ્વર-તાલ અભિવ્યક્ત કરતા ઉપકરણોને ભારતીય સંગીતમાં વાદ્ય કહેવામાં આવ્યા છે.

સંસ્કૃત ભાષાના 'વદ્' ધાતુ જેનો અર્થ બોલવું એવો થાય છે. તેને 'ણિચ' અને'યત' પ્રત્યયના યોગથી વાદ્ય શબ્દની ઉત્પત્તિ થઈ છે. જેનો અર્થ 'બોલવું'. ભારતીય સંગીતમાં યંત્ર અથવા યંત્ર જ સંગીતના ઉપક્રમે વાદ્ય શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. તથા ભારતીય સંગીતમાં વાદ્યોના ચાર પ્રકાર પણ દર્શાવવામાં આવ્યા છે. જેને તત્, અવનદ્ધ, સુષિર અને ઘન પ્રકારોમાં તેની પ્રકૃતિ પ્રમાણે વહેચવામાં આવ્યા છે.

પરંતુ વાદ્યની ઉત્પત્તિ કઈ રીતે થઈ તથા ક્યાં થઈ ,ક્યું વાદ્ય અથવા ક્યા વર્ગનું વાદ્ય પ્રથમ બન્યું ,આ બધા વિષયોના પ્રમાણોના અભાવના કારણે નિશ્ચિત રૂપથી કહી શકાતું નથી કે ક્યા વર્ગનું વાદ્ય અથવા ક્યું વાદ્ય પ્રથમ બન્યું.

પરંતુ માનવ સમાજના વિકાસની મૂળ પ્રવૃતિઓનાં સુક્ષ્મ અધ્યયનના આધાર પર અલગ-અલગ શાસ્ત્રો તથા વિદ્વાનો દ્વારા ધારણાઓ તથા વિચાર પ્રગટ કરવામાં આવ્યો છે.

આજે પણ સંગીતમાં રસ ધરાવતા કેટલાયે વાંચકો તથા વિદ્વાનો એ જાણવા માંગે છે કે ક્યું વાદ્ય પ્રથમ બન્યું તથા કઈ રીતે બન્યું. ઈતિહાસકારોના ઉત્તરમાં ક્યારેક તાલ વાદ્યને પ્રથમ બતાવવામાં આવ્યું છે તો ક્યારેક બાંસુરી અથવા ક્યારેક શિકારીના ધનુષરૂપી તત્ વાદ્યને. પરંતુ એવુ માની શકાય કે મનુષ્ય પ્રારંભમાં અન્ય પ્રાણીઓની સરખામણીમાં વધારે સમજદાર હશે. તે કારણથી મનુષ્ય અસભ્યમાંથી ધીરે-ધીરે સભ્ય બન્યો. તેના વિકાસની સાથે-સાથે પ્રાકૃતિક ધ્વનિઓને તે વિચારવા લાગ્યો હશે. વિદ્વાનો એવું કહે છે કે પ્રાચીનતમ્ વાદ્યોમાં 'ઝન ઝના' વાદ્ય પ્રથમ હશે. આજે પણ આ વાદ્યએ જન જાતિઓમાં પ્રચલિત છે કે જેના પર આજ સુધી સભ્ય સમાજની ખૂબ ઓછી અસર પડી છે. સામાન્ય રીતે 'ઝન ઝના' એ વાદ્ય છે કે જેમાં કોઈ ઠોસ ટૂકડાઓ એક સાથે પરોવી દેવામાં આવે છે. આ ટુકડા નાળીયેરીની કાછલી,દાંત,હાડકા વગેરેના હશે. આ પ્રકારની ચીજોને નૃત્ય સમયે કમર પર, પગમાં તથા ભૂજાઓમાં બાંધી આ પ્રમાણે નર્તકો સજાવટ કરી એક મનમોહક ધ્વનિ

ઉત્પન્ન કરતા હશે. 'ઝન ઝના'નો પ્રયોગ કરવાવાળી જનજાતિઓ આજે પણ ભારત તથા એશિયાના ઘણા દેશોમાં જોવા મળે છે.

ઘણા વિદ્વાનોનો એવો મત પણ છે કે પ્રથમ વાદ્યનું રૂપ ચાહે ગમે તે પ્રકારનું હોય પરંતુ તત્,અવનદ્ધ અથવા સુષિર વાદ્યોની અપેક્ષામાં ઘન વર્ગના વાદ્યનો પ્રયોગ સૌ પ્રથમ થયો હશે. તેમાં કોઈ સંદેહ નથી.વાદ્યના ચારે વર્ગોમાં ઘન વાદ્યનો વર્ગ જ એવો છે કે જેમાં સંગીત ઉપયોગી નાદ ન હોવા છતા પણ અનેક વાદ્ય સંગીત વાદ્યના રૂપમાં સ્વિકાર્ય છે. ઘન વર્ગના વાદ્યોના નિર્માણની સામગ્રી પણ અપેક્ષાકૃત અલગ છે. બે સુકાયેલા ડંડા,હાડકા,લાકડાના ટૂકડા, કાંકરા,કોડીઓ વગેરે ઘનવર્ગના સંગીતના વાદ્યના રૂપમાં આવે છે.

થોડાક અભ્યાસ પછી કાંઈક વિચાર એ પણ આવે છે કે આદમયુગનાં મનુષ્યના વિકાસની સાથે-સાથે સંસ્કૃતિ તથા સંગીતનો વિકાસ થયો હશે. તેવું કહેવામાં અતિશયોક્તિ ન કહેવાય. એવું માની શકાય કે તે સમયના મનુષ્યોએ વાતાવરણમાંથી જ અનેક પ્રકારના ધ્વનિઓનો બોધ મળ્યો. જેમ કે વાદળોની ગર્જના, પક્ષીઓનો કલરવ, વાંસના જંગલોમાં વાંસનુ એકબીજાના સાથેનું ઘર્ષણ તથા પવનની સરસરાહટ વગેરે સંગીતમય પ્રકૃતિથી માનવને પ્રારંભિક વાદ્યની પ્રેરણા તે સમયે મળી હશે. કોઈ બે વસ્તુનાં આઘાત અથવા ઘર્ષણ પ્રધાન વાદ્યોનું પ્રચલન થયું હશે. હાડકાના ટૂકડા,દાંત,કાંકરા વગેરે ખોખલી વસ્તુમાં બંધ કરી હલાવવાથી ઉત્પન્ન ધ્વનિથી આદિમાનવનું મનોરંજન થયું હશે. ઘુંઘરુ વગેરે વાદ્ય તેનું વિકસિત રૂપ છે. તેવું કહી શકાય. પાષાણ તથા લોહ-યુગમાં ઘન વાદ્યોની પ્રધાનતા રહી હશે. ત્યાર પછી મૃત પશુઓના હાડકાઓ તથા તેમની ખાલનો ઉપયોગ કરી વિવિધ ઉપકરણો દ્વારા વાદ્યોની ઉત્પત્તિ થઈ હશે.

પાછળથી તે ચર્મને માટી તથા કાષ્ટના ખોખલા મોઢા પર મઢીને તથા ત્યારબાદ ધાતુના ખોખલા મોઢા પર ચર્મને મઢીને અવનદ્ધ વાદ્યની ઉત્પત્તિ થઈ. ત્યારપછી ખોખલા તથા અંદરથી પોલા એવા વાંસ,હાડકા વગેરેમાં મોઢા વડે ફૂંક મારીને સુષિર વાદ્યોની ઉત્પત્તિ થઈ. તે પછીથી વાંસળી,બ્યુગલ,રણશીગો વગેરે વાદ્યો તેના રૂપમાં પ્રસ્તુત થયાં. ધનુષમાં લગાવવામાં

આવતી ખાલની પ્રત્યંચાને ખેંચવાથી ઉત્પન્ન થતી ધ્વનિથી તારવાળા વાદ્યોની પ્રેરણા થઈ હશે. આ પ્રમાણે વાદ્યોની ઉત્પત્તિ આપણા વિદ્વાનો માને છે. આ ઉપરાંત વિશ્વના લગભગ બધા દેશોમાં વાદ્યોની ઉત્પત્તિ આ પ્રમાણે જ માનવામાં આવે છે. કેટલાક વિદ્વાનો આ વિકાસ ક્રમમાં સુષિર વાદ્યની ઉત્પત્તિ સૌથી છેલ્લી અંતિમ માને છે.

ભારતીય વિદ્વાનોની એક વિશેષતા એ છે કે ભારતીય સંસ્કૃતિની પ્રમાણભૂત બાબતો ને આધ્યાત્મ સાથે જોડી તેમાં ધર્મની સ્થાપના કરી છે. આપણી સંસ્કૃતિના હર એક કાર્યોને ધર્મ સાથે જોડી મોક્ષ પ્રાપ્તિ તરફ લઈ જવાનો સાર્થક તથા સત્ય પ્રયત્ન ભારતીય મહાવિદ્વાનો દ્વારા ઉલ્લેખિત છે. તેથી ભારતીય સંસ્કૃતિના એક મહત્ત્વના ભાગરૂપે ભારતીય સંગીત પણ તેના એ પ્રભાવ નીચે આવ્યું અને તેને પણ મોક્ષ માટેનું ઉત્તમ તથા સૌથી સરળ માધ્યમ માનવામાં આવ્યુ છે. જેની ચર્ચા પ્રકરણની શરૂઆતમાં પણ કરવામાં આવી છે. તેથી આપણા વિદ્વાનો એ સંગીતની ઉત્પત્તિ પણ આપણા દેવી-દેવતાઓ દ્વારા માની છે. જેનો ઉલ્લેખ પ્રાચીન સંગીત ગ્રંથોમાં જોવા મળે છે. ભારતીય સંગીતના ચાર પ્રકારના વાદ્યોની ચર્ચા આગળ કરી છે. આ ચારે પ્રકારના વાદ્યોનાં સંબંધમાં શુભંકર-કૃત સંગીત દામોદરમાં આ પ્રમાણે કહેવામાં આવ્યું છે.

**ततं वाद्य नु देवानां गंधर्वाणं च शौषिरम् ।**
**आनंद्धं राक्षसानातु किन्नरणं धनविदुः ।**
**निजावत्तारे गोविन्दः सर्वमेवानयत्तक्षितौ ।**

(નિ.સ. પૃ. ૧૪૫)

અર્થાત્ - તત્ વાદ્ય દેવતાઓથી ; સુષિર વાદ્ય ગાંધર્વોથી; અવનદ્ધ વાદ્ય રાક્ષસોથી તથા ઘન વાદ્યો કિન્નરોથી સંબંધિત છે. જ્યારે શ્રીકૃષ્ણે અવતાર લીધો ત્યારે આ ચારે પ્રકારના વાદ્યોને તે પૃથ્વી પર લઈ આવ્યા.

વાદ્યોનાં પૃથ્વી પરના સંબંધમાં પ્રાચીન જૈન ગ્રંથો અનુંસાર પુર્વકાળમાં પૃથ્વી

પર દસ પ્રકારના કલ્પવૃક્ષ હતા. તેમાં એકનું નામ 'તૂર્યાંગ' હતું. તે કલ્પવૃક્ષે મનુષ્યોને ચાર પ્રકારના વાદ્યો આપ્યા. તે સિવાય સંગીત રત્નાકરના છઠ્ઠા અધ્યાયમાં કલ્લીનાથની ટીકામાં શ્લોક નં. ૧૮માં દક્ષ-યક્ષ વિધ્વંસ સમયે શિવજીને જે ક્રોધ ઉત્પન્ન થયો તેને શાંત કરવા માટે સ્વાતિ અને નારદ મુનિ વગેરે ઋષિઓ એ વાદ્યોનું નિર્માણ કર્યું.

**वाद्यं दक्षाध्वार ध्वंसोद्धे गत्यागाय शंभूनः ।**

**चक्रे कौतुकत्तो नंदि स्वात्ति तुंबुरू नारदैः ॥**

(નિ.સ. પૃ.૧૫૫)

આ સિવાય ઘણા વાદ્યોનો સ્વતંત્ર ઉલ્લેખ પણ જોવા મળે છે. સમુદ્રમંથનના ફળસ્વરૂપે જે રત્નો નીકળ્યા તેમાં વીણા પણ હતી.

**वीणानाम समुद्धोत्थितं रत्नम् ।**

(નિ.સ. પૃ. ૧૫૫)

શિવપુરાણમાં વિણાનું નિર્માણ શિવે પાર્વતીજીની શયન મુદ્રા પરથી કર્યું હતું તેનું નામ રુદ્ર વીણા હતું.

પ્રાચીન ગ્રંથોમાં અવનદ્ધ વાદ્યોનો પણ ઉલ્લેખ મળે છે. જેમાં જૈન ગ્રંથોમાં 'મુરજ નામક' વાદ્યનો અવિષ્કાર 'શંખનિધિ' દ્વારા થયો.

**मरजास्तु मत्ते जैनेजातः शंखान्महानिधेः ।**

એક પ્રાચીન ગ્રંથમાં શિવે ત્રિપુરાસુરના વિજય પર જે નૃત્ય કર્યું તેમાં સંગીત આપવા માટે બ્રહ્માએ એક અવનદ્ધ વાદ્યનું નિર્માણ કર્યું. જેનો ઢાંચો માટીનો હતો તેને મૃદંગ કહેવામાં આવ્યુ શિવપુત્ર ગણેશે સૌ પ્રથમ તેને વગાડયુ. આ સિવાય શહેનાઈની ઉત્પત્તિ પણ શિવનું

વાદ્ય શ્રૃંગ અથવા સીગ(સીગળુ)થી માનવામાં આવી છે. તથા શિવ-પાર્વતીના વિવાહના અવસર પર સૌ પ્રથમ શહેનાઈનું વાદન થયુ હતું.

વાદ્યોની ઉત્પત્તિના સંબંધમાં ઉપરોક્ત મત પ્રાચીન શાસ્ત્રકારો દ્વારા પ્રતિપાદિત કરવામાં આવ્યા છે. પરંતુ આધુનિક વિદ્વાનોના મતાનુસાર માનવ આદિકાળથી જ વાદ્યોના નિર્માણ માટે આગળ વધતો હતો. તે સમયનો માનવ આજના માનવની આપેક્ષાએ પ્રકૃતિથી વધારે નિકટ હતો. વાદ્યોના નિર્માણમાં કદાચ વિભિન્ન પ્રાકુતિક ધ્વનિઓ વધારે પ્રેરક સિધ્ધ થઈ હશે. જેની ચર્ચા આગળ કરવામાં આવી છે. અવનદ્ધ વાદ્ય તાલગત સ્વરૂપે છે. પ્રાચીન માનવ નૃત્ય ભાવની અપેક્ષાએ લય પ્રધાન વધારે હતો. કારણ કે તાલ અથવા લય વગર નૃત્ય સંભવ નથી તે વિચારી શકાય છે.

અવનદ્ધ અને ઘન વાદ્યો સિવાય સુષિર અને તત્ વાદ્ય પણ આજ પ્રકારે ધ્વનિઓના અનુકરણની ચેષ્ટાથી જન્મયા હશે. પ્રાચીન વાદ્યોનો જન્મ નૈસર્ગિક ધ્વનિઓના અનુકરણ તથા અન્ય ચેષ્ટાઓના પરિણામ સ્વરૂપે થયો હતો. જ્યારે આ વાદ્યોનો પ્રયોગ કરવામાં આવ્યો ત્યારે આજ વાદ્યોનાં આધાર પર નવીન વાદ્યોનો જન્મ થયો અને વિકાસ સમય-સમય પર થતો રહયો. તે માટે મુખ્ય બે બાબતો છે.

પ્રથમ તો કાળ અને પરિવર્તનની સાથે અનેક વાદ્યોના સ્વરૂપમાં પરિવર્તન થયું જેનાથી કેટલાક નવા વાદ્ય પ્રકાશમાં આવ્યા તથા બીજી બાબત એ કે જયારે કોઈ એક વાદ્ય વિશેષને કેટલાક સમય સુધી વગાડવામાં આવ્યું ત્યારે તેમાંથી કેટલાક દોષ જોવા મળ્યા તે દોષોને દૂર કરવા માટે આવશ્યક સંશોધન અથવા પરિવર્તન કરવામાં આવ્યા અને તે પ્રમાણે કેટલાંક નવા વાદ્યોની ઉત્પત્તિ થઈ. આ બંને કારણો સિવાય એક એ કારણ પણ છે કે માનવ મસ્તિષ્કની સતત ગતિશિલતાના કારણે તે હંમેશા કંઈક નવું શોધતો રહે છે. તથા પ્રયોગ પણ કરતો રહે છે. આ પ્રવૃતિથી પણ વાદ્યોની ઉત્પત્તિમાં યોગદાન મળ્યું. આમ વાદ્યોની ઉત્પત્તિનો ઈતિહાસ અત્યંત રોચક છે. પરંતુ એવું કહી શકાય કે વાદ્યના વિકાસનો ઈતિહાસ વાસ્તવમાં માનવની સંસ્કૃતિ અને સભ્યતાનો ઈતિહાસ છે. વાદ્યોના સ્વરૂપમાં નવીન સંશોધન અને પરિવર્તન માનવની બૌધ્ધિક અને શિલ્પગત ઉન્નતિનો પરિચય

આપે છે. જ્યાં સુધી ભારતીય પ્રચલિત વાદ્યોનો સંબંધ છે. તેમાંથી તે વાદ્યો સિવાય જે આધુનિક સમયમાં વિદેશી સંપર્ક દ્વારા ભારતમાં આવ્યા જેવા કે હારમોનિયમ, વાયોલીન, પિયાનો, ક્લોરોનેટ વગેરે. આ સિવાય વાદ્યો પ્રાચીનકાળથી પોતાના મૂળ સ્વરૂપમાં ચાલ્યા આવ્યા છે. જેવાકે બાંસુરી, વીણા વગેરે અથવા તેમાં પરિવર્તન સાથે પ્રચલિત થયા જેવા કે સિતાર,તબલા વગેરે.

ભારત વર્ષ પ્રાચીનકાળથી જ વ્યાપારનું પ્રસિધ્ધ કેન્દ્ર હતું. તે કારણથી અન્ય દેશોના વ્યાપારી અહીં આવતા જતા હતા. અને ભારતીય વ્યાપારી પણ તે દેશોમાં આવતા જતા હતા. આ આવાગમનના માધ્યમથી સાંસ્કૃતિક તત્ત્વોનું આદાન-પ્રદાન પણ થતું હતુ. આજ કારણે શ્રીલંકા,જાવા,સુમીત્રા,બર્મા અને સિંગાપુર વગેરેમાં આજે પણ વીણા,ડુમરૂ,કાષ્ઠ તરંગ જેવા ભારતીય વાદ્યોનો પ્રયોગ જોવા મળે છે. આ વાદ્યો ભારતથી તે દેશોમાં ગયા ત્યાં પોતાના મૂળ સ્વરૂપમાં અથવા પરિવર્તન સાથે અપનાવવામાં આવ્યા છે. આ સાસ્કૃતિક આદાન-પ્રદાનથી ભારતીય વાદ્યો પર પણ વિદેશી પ્રભાવ પડયો પરંતુ અલ્પ માત્રામાં. પણ આજે આધુનિક યુગમાં વિદેશી વાદ્યોનો વધારે પ્રભાવ ભારતમાં જોવા મળે છે. તેનું મુખ્ય કારણ તે કે આજની યુવા પેઢી પોતાને સમૃધ્ધ તથા આધુનિક છીએ તેવું દર્શાવવા માટે આપણી વૈદિક પરંપરા તથા સંગીતને ભૂલીને પશ્ચિમની સંસ્કૃતિનાં અનુકરણ પાછળ એટલીતો મદ-મસ્ત બની છે કે તેને તે ખબર નથી કે પશ્ચિમના દેશો આજે શાંતિ શોધવા ભારતની વૈદિક પરંપરા તથા ભારતીય સંગીત સાથે સંશોધન કરી રહયા છે. તેની સામે આપણા યુવાનો તેઓનું આંધળુ અનુકરણ કરી રહયા છે.

પરંતુ એક વાત સત્ય છે કે આજે આધુનિકરણ તરફ સતત વહેતો આ ગાડરીયો પ્રવાહ અને આંધળુ અનુકરણ કરતો આજનો સભ્ય સમાજ જ્યારે આત્મશાંતિની શોધ માટે નીકળશે ત્યારે તેને ફક્ત આપણી પ્રાચીન પરંપરા તથા શાસ્ત્રીય સંગીત સિવાય કોઈ બચાવી શકશે નહિ તેવો મારો વિશ્વાસ અને દાવો છે.

# વાદ્ય વર્ગીકરણ

સંગીત કલામાં માનવ હૃદયના સુકોમળ ભાવોને કંઠ અને વાદ્યો દ્વારા અભિવ્યક્ત કરવાની શક્તિ રહેલી છે. આપણા સંગીતિક વાદ્યો એટલા મધુર અને સુક્ષ્મ છે કે તે સ્વર અને લયના યોગ દ્વારા શ્રોતાઓને પરિતૃપ્તિની પરમ કક્ષાએ લઈ જવાની ક્ષમતા ધરાવે છે.

ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો ઈસવીસનના હજારો વર્ષ પૂર્વેની સિંધુ ઘાટીની સભ્યતાના યુગમાં ભારતમાં ગાયન,વાદન તથા નૃત્યનો પ્રચાર હતો. નૃત્ય કરતી નર્તકીની તથા ઢોલ,બંસી દુન્દુભિ જેવા વાદ્યોને વગાડતી એ યુગની મૂર્તિઓ એનું પ્રત્યક્ષ પ્રમાણ છે. રામાયણ તથા મહાભારતમાં મૃદંગ,મુરજ,વીણાં,બંસી જેવા વાદ્યોનો ઉલ્લેખ છે. પરંતુ વાદ્યોના નિર્માણ અને વાદન પ્રણાલીનું વિસ્તૃત અને વૈજ્ઞાનિક નિરૂપણ તો ઈ.સ.ની પ્રથમ સદીમાં ભરત મુનિ દ્વારા લખાયેલ નાટ્યશાસ્ત્રમાં જોવા મળે છે.

ભારતીય શાસ્ત્રીય સંગીતમાં વાદ્યોના મુખ્ય ચાર પ્રકાર માનવામાં આવ્યાં છે. તત્, અવનદ્ધ,ઘન અને સુષિર આ વાદ્ય વર્ગીકરણના અન્વયે ઘણા મતભેદો પ્રાચીન ગ્રંથકારોમાં જોવા મળે છે. જેની ચર્ચા આગળ કરીશું.

## તત્ વાદ્ય

આ પ્રકારના વાદ્યો ધાતુનાં તાર અથવા પશુ સ્નાયુઓથી બનેલા તાર વગેરેથી યુક્ત હોય છે. જે તારને વાદ્ય ઉપર લગાવીને નખથી, મિજરાબથી કે કોણ (સ્ટ્રાઈકર)ના આઘાતથી અથવા ગજના ઘર્ષણથી સ્વરની ઉત્પત્તિ કરવામાં આવે છે.

જેમાં પ્રાચીન વાદ્યોમાં મત્તકોકિલવિણા,એક તંત્રી વિણા, વિપંચી વિણા, કિન્નરી વગેરે. મધ્યકાલીન બીન, રબાબ, સૂરસિંગાર, સારંગી વગેરે. આધુનિક યુગમાં વાયોલીન, સિતાર, સરોદ, સારંગી, દિલરૂબા, ઈસરાજ,સંતુર વગેરે તથા વૈદિક કાળમાં વાણનામક તત્ વાદ્યનો ઉલ્લેખ ગ્રંથમાં જોવા મળે છે.

## અવનદ્ધ વાદ્ય

અવનદ્ધ વાદ્યમાં ખોખલા લાકડાના મોઢા પર અથવા ધાતુના ખુલ્લા મોઢા પર ચામડું લગાવીને અથવા જમીનમાં ખાડો ખોદીને ઉપર ચામડું લગાવીને હાથ અથવા લાકડીના સહારે આઘાત કરી ધ્વની ઉત્પન્ન કરવામાં આવે છે.

પ્રાચીન સમયમાં ભૂમિ દુન્દુભિ, પુષ્કર, પણવ, દુર્દુર, પટઃ, હુડુક્ક વગેરે. મધ્યકાળમાં મૃદંગ પખાવજ,ખોલ,દમામા, ઢોલ,નગારા,ડફ,નગારૂં, વગેરે. આધુનિક યુગમાં તબલા,પખાવજ, મૃદંગમ, ઢોલક, નાલ,નગારૂં, ત્રાંસા વગેરે અવનદ્ધ વાદ્યોની ગ્રંથોમાં ચર્ચા જોવા મળે છે.

## ઘન વાદ્ય

ઘન વાદ્ય ધાતુના તથા કઠણ પદાર્થના ટૂકડાથી બને છે. જેમાં ટૂકડાઓના પરસ્પર ટકરાવથી અથવા બીજી કોઈ ઠોસ વસ્તુનો પ્રહાર કરીને ધ્વનિ ઉત્પન્ન કરતા વગાડવામાં આવે છે. જેમાં પ્રાચીન સમયમાં ઝન ઝૂના,મધ્યકાળમાં જાંજ, મંજીરા, કરતાલ આધુનિક યુગમાં મંજીરા, ઘંટ, ઘુંઘરૂ વગેરે સંગીતમાં ઉપયોગી છે.

# સુષિર વાદ્ય

સુષિર વાદ્યમાં ફૂંક મારીને અથવા હવાના દબાણ દ્વારા સ્વર ઉત્પત્તિ કરવામાં આવે છે. જેમકે પ્રાચીન સમયમાં વેણુ,બાંસુરી વગેરે મધ્યકાળમાં બાંસુરી, અલગોજા, નફીરી વગેરે આધુનિક યુગમાં બાંસુરી,શહેનાઈ,સુંદરી,હારમોનિયમ વગેરે.

આ ચારે પ્રકારના વાદ્યો નાદને વ્યક્ત કરવાવાળા હોવા છતાં પણ તેમાં બે પ્રકાર પડે છે.

- **૧.સ્વરપ્રધાન વાદ્ય**
- **૨.તાલપ્રધાન વાદ્ય**

સ્વર પ્રધાન વાદ્યમાં તત્ તથા સુષિર શ્રેણીના વાદ્યો આવે છે. તાલ પ્રધાન વાદ્યોમાં અવનદ્ધ અને ઘન શ્રેણીના વાદ્યોનો સમાવેશ થાય છે.

ભારતીય સંગીતજ્ઞો એ વિભિન્ન પ્રકારના ઉપકરણો અથવા પદાર્થો, વસ્તુઓ દ્વારા ઉત્પન્ન થતા.ધ્વનિ અથવા નાદની જાતિ અને ગુણની ભિન્નતાના આધાર પર વાદ્યોનું વર્ગીકરણ કર્યુ છે. ભારતીય સંગીતના કેટલાક પ્રાચીન ગ્રંથો તથા વિદ્વાનો દ્વારા પોતાની બુધ્ધિક્ષમતા અને તર્ક-વિર્તકના આધારે વાદ્યોનું વર્ગીકરણ કર્યુ છે. જેમાંથી કેટલાક વિદ્વાનોના ઉલ્લેખનીય મત અહીં રજૂ કરુ છું.

સંગીત મકરંદમાં સંગીત અધ્યાયના પ્રથમ પદમાં વાદ્ય વર્ગીકરણ કરતા લખ્યુ છે કે....

**पंच्च विद्यो नादस्तु परिकीर्तित ।**

**नखवायुजचर्माणि लोहशारीरजास्तथा ॥७॥**

તાર પર નખ પ્રહાર અથવા આઘાતથી ઉત્પન્ન થતા ધ્વનિને 'નખજ', ફૂંક દ્વારા વાયુથી ઉત્પન્ન થતા ધ્વનિને 'વાયુજ', મઢેલા ચર્મ પર આઘાતથી ઉત્પન્ન થતા ધ્વનિને 'ચર્મજ',

તથા લોખંડ આદિ ધાતુઓનું એક-બીજાના ટકરાવથી ઉત્પન્ન થતા ધ્વનિને ''લોહજ' અને મનુષ્યના શરીર અથવા માનવકંઠથી નીકળતા ધ્વનિને ''શરીરજ'' કહેવામાં આવે છે. આમ પંડીતજીએ પાંચ પ્રકારના ધ્વનિઓથી વાદ્યોના 'તંત્રી,સુષિર, ચર્મનદ્ધ, ઘન અને ગાન.' આમ પાંચ વર્ગ બતાવ્યા છે. જેના તેઓ પંચમહાવિદ્યા કહે છે.

નારદીય શિક્ષા ગ્રંથોમાં પણ 'શરીરજ' ધ્વનિ ઈશ્વરનિર્મિત અને નૈસર્ગિક છે. તથા બાકી રહેલા 'નખજ, વાયુજ,ચર્મજ તથા લોહજ' ધ્વનિ ઉત્પન્ન થતા વાદ્યો માનવનિર્મિત છે.

**एकं ईश्वरनिर्मितं नैसर्गिक अन्य च्चतुर्विधं ।**

**मनुष्यनिर्मित चेति पञ्चवप्रकाश महावाद्यनाम् ।।**

(નારદીય શીક્ષા)

આમ ઉપરોક્ત ચર્ચાથી માલુમ થાય છે કે માનવકંઠને પણ વાદ્ય તરીકે માનવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તથા તેનું વર્ગીકરણ વાદ્યના રૂપમાં કરવામાં આવ્યુ છે. પરંતુ ભરતમુનિ, દત્તિલ, પંડિત સારંગદેવ, જૈનમુનિઓ,પાર્શ્વદેવ,તાનસેન વગેરેએ 'શરિરજ' ને છોડીને બાકીના ચાર પ્રકારના વાદ્યોનું વર્ગીકરણને પંડિત ભરત મુનિ અનુસાર...

**ततं चैवावनद्धं च घनं सुषिरमेवच ।**

**चतुर्विधं तु विज्ञेयमातोद्यं लक्षणन्तिम् ।।२।।**[૧]

અર્થાત્ ચાર પ્રકારના લક્ષણોથી યુક્ત ચાર પ્રકારના આતોધ માનવા જોઈએ જેમાં તત્, અવનદ્ધ, ઘન, સુષિર તથા તેના લક્ષણો દર્શાવતા પંડિતજી લખે છે કે ...

**ततं तन्त्रीकृतं ज्ञेयमवनद्धं तु पौष्करम् ।**

**घनं तालस्तु विज्ञेयः सुषिरो वंश उच्चते ।।३।।**[૨]

તત્, અવનદ્ધ, ઘન અને સુષિર ક્રમશઃ તન્ત્રીવાદ્ય, પુષ્કરવાદ્ય, તાલવાદ્ય તથા બંસીવાદ્ય છે. તથા તે સમયે આ બધા વાદ્યોને 'આતોદ્ય' કહેવામાં આવતા હતા 'આતોદ્ય'નો અર્થ સમુહવાદન થાય. મહર્ષિ વાલ્મીકીએ તથા મહાભારતમાં સમુહવાદન માટે 'તુર્ય' શબ્દનો ઉલ્લેખ જોવા મળે છે. પાલી સાહિત્યમાં પણ 'તૂરિય' શબ્દ વૃન્દવાદન માટે ઉપયોગમાં આવતો હતો. આ સિવાય હંસોપનિષદમાં ઘંટ, શંખ, તંત્રી, તાલ, વેણુ, મૃદંગ, ભેરી વગેરેને અલગ-અલગ ગણના કરીને દશ પ્રકારના નાદોનું વર્ણન કરવામાં આવ્યું છે. મધ્યકાલીન વાદ્ય વર્ગીકરણમાં અવનદ્ધ શબ્દના સ્થાન પર વિતત્ શબ્દનો પ્રયોગ જોવા મળે છે. તાનસેને ચર્તુવર્ગીકરણ સિધ્ધાંતનો સ્વિકાર કરતા વિતત વાદ્યોમાં મૃદંગ, ઢોલક તથા ચંગ જેવા વાદ્યોને માન્યાં છે. અર્થાત્ ચર્મવાદ્ય. ડો.લાલમણી મીશ્રાનાં પુસ્તક 'ભારતીય સંગીત વાદ્ય'ના પૃ.-૧૪ પર તાનસેન કૃત સંગીતસારના અંશોનું વર્ણન કરતા લખ્યું છે કે...

**''गीतछन्दतत विततघन शिखर कंचन तालके**
**किवाड आलाप ताली''**

એક બીજી લીટીમાં...

**''तत वितत घन शिखर नाना विधि बाजत सूर पति के ध्वार''**

તથા તેને ક્રમ આપતા તાનસેન લખે છે કે ...

**ततको पहिले कहत है ; वितत दुसरो जान ।**
**तीजो घन चौथे शिखर तानसेन परमान ॥**

તેના લક્ષણો બતાવતા લખ્યુ છે કે ....

ताल लगे सबसाजे के सो तत ही तूम मान ।

चरम मढयो जाको मुखर वितत सु कहे बखान ।।

कंसतालके आदि दै घन जीय जान हु मीत ।

तानसेन संगीतरस बाजत शिखर पुनित ।।

પ્રાચીન તમિલ ગ્રંથોમાં પણ પાંચ પ્રકારના વાદ્ય વર્ગીકરણ જોવા મળે છે. જેમાં ...

| | | |
|---|---|---|
| 'તાલે કરુવી' | - | ચર્મવાદ્ય |
| 'નરમ્પુ કરુવી | - | તત્ વાદ્ય |
| 'કંચકરુવી | - | ધાતુ વાદ્ય |
| 'નિતતરુ કરુવી' | - | માનવકંઠ થી નીકળતો ધ્વનિ |
| 'તુલાઈ કરુવી' | - | છિદ્રવાળા ખોખલા વાદ્યો સુષિર |

(વિશ્વ સંગીત અંક જાન્યુ.-ફેબ્રુ.-૮૫ પૃ.૧૮૩)

આમાં પણ માનવકંઠને વાદ્યની ઉપમાં આપવામાં આવી છે. આજે આધુનિક યુગમાં વાદ્યનો એક નવો પ્રકાર પણ સ્વિકારવામાં આવ્યો છે. જેને 'તરંગ' કહેવામાં આવે છે.

આ પ્રમાણે પ્રાચીનકાળથી આજ સુધી ચારે પ્રકારોના વાદ્યોનો ઉપયોગ શાસ્ત્રીય, ઉપશાસ્ત્રીય, સુગમ, લોકસંગીત કે ફિલ્મસંગીતમાં થતો આવ્યો છે. જો કે આપણે ત્યાં કેટલાક એવા પણ વાંજીત્રો છે. જેનો વાદ્યોના આ ચાર પ્રકારોમાંથી એકમાં પણ સમાવી શકાતા નથી. જેવાકે તરંગવાદ્યો જલતરંગ, ઘુંઘરુતરંગ, કાચતરંગ, લોહતરંગ, કાષ્ટતરંગ, તબલાતરંગ, મૃદંગ તરંગ વગેરે. મૃદંગતરંગ કે તબલાતરંગ અવનદ્ધ વાદ્યોના પ્રકાર હોવા છતાં એના ઉપર રાગની પ્રસ્તુતિ થાય છે. એટલે એ તાલવાદ્યોને બદલે સ્વર પ્રધાન વાદ્યોની કક્ષામાં આવે છે. એજ રીતે જલતરંગ કાષ્ટતરંગ, કાચતરંગ વગેરે તરંગ વાદ્યોના પ્રકારમાં આવી શકતા નથી. ઉપંગનામના વાદ્ય પર ચામડું અને તાર બંને હોય છે. પરંતુ આ વાદ્ય તાલપ્રધાન હોવાથી એની ગણના અવનદ્ધ વાદ્યોમાં થાય છે. જ્યારે તાર શેહનાઈમાં તાર અને ફૂંક બંનેનો ઉપયોગ થતો હોવા છતાં એ

મુખ્યત્વે તાર વાદ્ય છે. એવી જ રીતે સારંગી,સરોદ,દિલરૂબા, જેવા વાદ્યો ઉપર ચામડું અને તાર બંને હોવા છતાં એ તંતુ વાદ્યનાં પ્રકારમાં આવે છે.

આ પ્રમાણે નાટ્યશાસ્ત્રથી એટલેકે લગભગ બે હજાર વર્ષોથી ચાલતા આવેલા વાદ્યોના આ ચાર પ્રકારોમાં હવે ફેરફારની ખૂબ જરૂર જણાય છે. તરંગ વાદ્યોનો એક જુદો પ્રકાર હોવો જરૂરી છે. તેમજ જે વાદ્યો ઉપર તાર અને ચર્મ બંને આવે છે. તેનો પણ એક જુદો પ્રકાર થવો જરૂરી છે. આ રીતે હવે વાદ્યોના ચારને બદલે છ પ્રકાર હોવા જોઈએ. આ પ્રમાણે નું મંતવ્ય ડો. આબાન મીસ્ત્રીજીનું છે.(૩)

તેઓના આ મંતવ્ય સાથે હું સંમત છું તેઓના ઉંડા અભ્યાસના ફળ સ્વરૂપે આ પ્રકારના વિચારો તરફ તેઓ પ્રેરાયા છે. મારી સાથે અંગત ચર્ચામાં તેઓએ મને ખૂબ ઉંડાણ પૂર્વક સમજાવ્યુ હતું. તેઓના મત પ્રમાણે વાદ્યોના ૬(છ) પ્રકાર નીચે મુજબ છે.

૧. <u>તત્ વાદ્ય</u> એટલે કે તારવાળા વાદ્યો.

૨. <u>અવનદ્ધ વાદ્ય</u> એટલે કે ચર્મ મઢેલા તાલ વાદ્યો.

૩. <u>તતાવનવાદ્ધ કે તતવિતત વાદ્ય</u> એટલે કે જેની ઉપર તાર અને ચર્મ બંને હોય છતાં સ્વર વાદ્યો તરીકે જેનો ઉપયોગ થતો હોય એવા સરોદ,સારંગી,દિલરૂબા,રબાબ જેવા વાદ્યો

૪. <u>સુષિર વાદ્યો</u> એટલે કે ફૂંકથી કે વાયુના ઘર્ષણથી વાગતાં સ્વર વાદ્યો.

૫. <u>ઘનવાદ્યો</u> એટલે કે ધાતુના ઘર્ષણથી વાગતા તાલ વાદ્યો.

૬. <u>તરંગ વાદ્યો</u> જેમાં જલતરંગ,કાચતરંગ,લોહતરંગ,કાષ્ટતરંગ, તબલાતરંગ જેવા સ્વર પ્રધાન તરંગ વાદ્યો આવે છે.

પાશ્ચાત્ય સંગીતમાં તો વાદ્યોના માત્ર ત્રણજ પ્રકારો માનવામાં આવે છે.

૧. સ્ટ્રીંગ ઈન્સ્ટ્રુમેન્ટ

૨. પરકશન ઈન્સ્ટ્રુમેન્ટ

૩. વીન્ડ ઈન્સ્ટ્રુમેન્ટ

આપણી જેમ એમના સંગીતમાં ઘન વાદ્યોનો જુદો પ્રકાર હોતો નથી. પરંતુ પરકશન ઈન્સ્ટુમેન્ટમાં જ એમનો સીમ્બલ્સ્ ,ટીપાની,તેંબુરીન જેવા ઘન વાદ્યોનો સમાવેશ થઈ જાય છે.

આમ વાદ્યોનો ઉદ્‌ભવ તથા વર્ગીકરણમાં દરેક દેશ, દરેક સભ્યતાના આધાર પર અલગ-અલગ માપદંડોના આધારે વાદ્ય ઉત્પત્તિ તથા વર્ગીકરણ સ્વીકારવામાં આવ્યુ છે. શાસ્ત્રોક્ત દૃષ્ટિથી ઉચિત તથા શ્રેષ્ઠતમ છે. પરંતુ આજે આધુનિક યુગમાં વાદ્યોના વર્ગીકરણમાં નવી દૃષ્ટિ આપવી તે વધારે ઉચિત છે. તથા આમાં વધારે સંશોધનની આવશ્યકતા પર ભાર મૂકવો જોઈએ. આમ વાદ્યોની બનાવટ,ઢાંચો,વાદન ક્રિયા, નાદાત્મક ગુણો તથા વાદ્યોના ઉપકરણો વગેરેના આધાર પર વાદ્યોના વિભિન્ન વર્ગો માનવામાં આવ્યા છે.

વાદ્ય ઉત્પત્તિથી માંડીને વાદ્ય વર્ગીકરણની ચર્ચા કર્યા પછી આ સમગ્ર અધ્યાયના અધ્યયન તથા વિદ્વાનોના મંતવ્યો તથા શાસ્ત્રોના વાંચન અને ભારતીય સંગીતની પરંપરાને વિચારતા હું એટલું જરૂર કહીશ કે...

સંગીત ભાવાશ્રિત હોવાથી પણ વિચારોને સ્ફુરિત કરે છે. એ સાચુ છે કે ભાવ અને વિચારમાં અંતર છે. પરંતુ બંને માનવજીવનનું અનિવાર્ય અંગ છે. ભાવના પ્રાણી માત્રની કોમળ વૃત્તિઓને સ્ફૂરિત કરે છે. જ્યારે વિચાર માનવ જીવનને સંચાલિત કરવા માટે નિયંત્રણથી કામ લે છે. એક પ્રવાહ છે તો બીજો કિનારો અથવા પરિઘ છે.

સંગીતના મૂળતત્ત્વોથી દૃષ્ટિમાં વાદ્યકલા સંગીતની પૂર્ણરૂપે પ્રતિનિધિ કલા છે. આમાં સ્વર તથા લયનું પ્રાધાન્ય છે. આમાં ન તો ગાનની માફક કાવ્ય અપેક્ષિત છે, ન તો નૃત્યની જેમ અંગ સંચાલન. સ્વર તથા લયનો સ્વચ્છન્દ તથા પ્રભાવ પૂર્ણ પ્રયોગ વાદ્ય સંગીતમાં જોવા મળે છે. આ કારણે વાદ્ય કલા ગાન તથા નૃત્યની અપેક્ષાએ વધારે સુક્ષ્મ અને અકૃત્રિમ આનંદ પ્રદાન કરવાવાળી છે. વાદ્ય કલા પોતાની આ સુક્ષ્મતા અને અકૃત્રિમતાને કારણે એકબાજુ સામાન્ય જનની સમજ થી દૂર તથા બીજી બાજુએ અબોધ શિશુઓ તથા માનવેતર પ્રાણીઓના માટે આકર્ષણનું કેન્દ્ર છે. વાદ્ય કલાનું શ્રવણ કરતી વખતે જન સાધારણને પ્રાયઃ એવું કહેતા સાંભળીએ છીએ કે વાદ્યનો ધ્વનિ

પ્રિયતો લાગે છે. પરંતુ તેના દ્વારા કાંઈ અભિવ્યક્તિ થઈ રહી છે. તે સમજવું મુશ્કેલ છે. વાદ્યનું અંતિમ તથા તેને સૌથી મહત્ત્વ પૂર્ણ બનાવવા માટેનું કાર્ય શાસ્ત્રીય સંગીતની વિવેચના માટે વાદ્યોનો સહયોગ અનિવાર્ય છે. એવું કહેવામાં આવે છે કે વાદ્ય ન હોત તો શાસ્ત્રીય સંગીતની કોઈ પરંપરા ન હોત અને જો હોત તો તેની વિવચનાનો કોઈ ઉપાય ન હોત. સ્વર ઉત્પત્તિ,સ્વર-સ્થાનનું સ્થિરીકરણ, સ્વરોનું અંતર વગેરે કાર્ય વાદ્ય વગર પૂરુ થઈ શકતું જ નથી.

પ્રાચીન કાળથી આજ સુધી ચાહે તે ભારતીય સંગીત પરંપરાવાદી હોય અથવા આધુનિક વૈજ્ઞાનિક સ્વરોનું વિશ્લેષ્ણ હોય પરંતુ તે માટે કોઈ ને કોઈ વાદ્યનોજ સહારો લેવો પડે જ છે. મહર્ષિ ભરતે શ્રુતિઓના પ્રત્યક્ષીકરણ માટે એક સમાન બે વીણાઓનો સહારો લીધો હતો તે વીદિત છે. વૈજ્ઞાનિક સ્વરોની વિવેચના માટે ટ્યુનિંગકાર્ડ તથા મોનોકાર્ડ જેવા વાદ્યોનો પ્રયોગ કરવામાં આવે છે. તાત્પર્ય એ છે કે સંગીત સંબંધી કોઈપણ વિશ્લેષણ માટે વાદ્યનું હોવું અતિ આવશ્યક છે.

ઉપરોક્ત બધી દૃષ્ટિથી અર્થાત્ સંગીતના મૂળતત્ત્વની દૃષ્ટિથી, સ્વતંત્ર કલાની દૃષ્ટિથી, બીજી કલાઓને ઓળખવા માટેની દૃષ્ટિથી, પ્રતીકાત્મકતાની દૃષ્ટિથી, સ્વરોના વિશ્લેષણ કાર્યોની દૃષ્ટિથી વાદ્ય કલા જેટલી મહત્ત્વપૂર્ણ તથા વ્યાપક છે. તેટલી અન્ય કોઈ કલા નથી.

## પાદટીપ

| | |
|---|---|
| ૧.નાટય શાસ્ત્ર ૨૮ મો અઘ્યાય | પૃ. -૪ |
| ૨.નાટય શાસ્ત્ર ૨૮મો અઘ્યાય | પૃ. -૬ |
| ૩.મુબંઈ સમાચાર પત્રિકા સાપ્તાહિકીનો નાદબ્રહ્મ લેખ | નં-૧૦ |

## સંદર્ભ ગ્રંથ સુચિ


| પુસ્તક નું નામ | લેખક | પુસ્તકનું ટુંકુ નામ |
|---|---|---|
| ભારતીય સંગીત વાદ્ય | ડો. લાલમણી મીશ્રા | ભા.સં.વા. |
| નિબંધ સંગીત | હાથરસ પ્રકાશન | નિ. સં. |
| તબલેકા ઉદ્દભવ વિકાસ -એવમ વાદન શૈલીયા | ડો. યોગમાયા શુકલ | ત.ઉ.વિ.વા.શૈ. |
| વાદ્ય ઔર ઉનકા વર્ગીકરણ -સિધ્ધાંત (વિશ્વ સંગીત અંક -જાન્યુ.-ફેબ્રુ.'૮૫ હાથરસ) | ડો. સુરેશ વ્રતરોય | વા.વ.સિ. |
| નાટયશાસ્ત્ર ૨૮માં અઘ્યાય | આચાર્ય બ્રહસ્પતી | |
| મુંબઈ સમાચાર પત્રીકા સાપ્તાહિકાનો નાદબ્રહ્મ લેખ નં ૧૦ તા.૧૧/૮/૯૬ | પં. કે.કે.એસ.જીજીના ડો. આબાન મીસ્ત્રી | |